વિવેકાનંદ વિકાસયાત્રા - મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આરંભાયેલ વિવેકાનંદ વિકાસયાત્રા સોમવારે બપોરે ગાંધીનગર જીલ્લામાં પ્રવેશી તે સમયે દહેગામ ખાતે કાર્યકરોએ ભવ્યાતીભવ્ય સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

ગાંધીનગરની પાંચેય બેઠકો પર સ્થાનિક અને સક્રિય ઉમેદવારને જ કોંગ્રેસ ટીકીટ આપે : મેયર મહેન્દ્રસિંહ રાણા

ગાંધીનગરના મેયરે પ્રદેશ અને રાષ્ટ્રીય આગેવાનોને ત્રણ પાનાનો પત્ર લખી પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સહિતની વિધાનસભાની પાંચેય બેઠકો પર સ્થાનિક ઉમેદવારની પસંદગીને જ અગ્રતા આપો નહિ તો ના છુટકે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે એક નિવેદનમાં ઉચ્ચારી છે.

પક્ષના પ્રદેશ અને રાષ્ટ્રીય આગેવાનોને ત્રણ પાનાનો એક વિસ્તૃત પત્ર પાઠવ્યા બાદ શ્રી રાણાએ અખબારો જોગ કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે કોંગ્રેસના બની બેઠેલા નેતાઓ ગાંધીનગર જિલ્લામાં ટિકિટ મેળવવા માટે લોબિંગ કરી રહ્યા છે. સેન્ટ્રલમાં પોતાની વગનો ઉપીયોગ કરી ટિકીટ મેળવવા રૂઆબ બતાવનારા આ નેતાઓએ ગાંધીનગર મહાનગરપાલિકાનો જર્નુમમાં સમાવેશ કરાવવા પોતાની વગ વાપરી હોત તો ગાંધીનગરનું ભલુ થયું હોત.

તેમણે તેમના નિવેદનમાં જણાવ્યું છે કે ગાંધીનગરની જનતા અને કાર્યકરોને ક્યાંક અન્યાય થશે તો ક્યારેય સાંખી લેવામાં આવશે નહિ. પક્ષે પોતાની પેઢી નહિ ચલાવતા સાચી વિચારસરણીને અનુસરતા કાર્યકરોને સાથે રાખી પક્ષ ચલાવવામાં આગળ વધવુ જોઈએ.

તેમણે આ નિવેદનમાં સ્પષ્ટ જણાવ્યું છે કે કાગળ ઉપરના નેતાઓનો જ્યારે કોંગ્રેસની પેનલમાં નામ ચાલી રહ્યા છે અને પાયાના કાર્યકર અને કોંગ્રેસનો પાયો દલીત સમાજ અને આદિવાસી સમાજની જે કોંગ્રેસ દ્વારા બક્ષીપંચ સમાજની ઘોર ઉપેક્ષા કરવામાં આવી રહી છે. તે જોતાં કોંગ્રેસ માટે સારી નિશાની નથી. શ્રી રાણાએ ગંભીર આક્ષેપ કરતાં

● અનુસંધાન પાન-૭ પર

ખિસ્સાકાતરૂઓએ ભાજપી કાર્યકરોના ખિસ્સા હળવા કર્યા

ગાંધીનગર, તા. ૮

રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિવેકાનંદ યુવા વિકાસ યાત્રામાં ચિલોડા ખાતે ખિસ્સા કાતરૂઓએ પોતાના કસબ અજમાવી અને ભાજપી કાર્યકરોના ખિસ્સા હળવા કર્યા હતા.

ભારે ભીડનો લાભ લેવા ટેવાયેલા તસ્કરોએ સાદરાના કીરીટભાઈ બી. પંચાલ નામની વ્યક્તિનું ખિસ્સુ કાપી લેતાં તેમણે રૂ. ૧૨ હજાર ગુમાવવા પડ્યા હતા.

તો અન્ય એક કાર્યકરના ખિસ્સામાંથી પાકીટ સરકાવતો યુવક ઝડપાઈ ગયો હતો અને પોલીસને હવાલે પણ કરવામાં આવ્યો હતો. આ યુવક શાહઆલમ વિસ્તારનો રહીશ હોવાનું ચર્ચાઈ રહ્યું હતું.

સ્વર્ણિમ પાર્કને પાણી આપવા પાઈપ-લાઈનનું કામ અટવાયું !

૧૫૦ જેટલા વૃક્ષોનું નિકંદન વળે તેમ હોવાથી વનવિભાગે હજુ પણ મંજુરી આપી નથી

ગાંધીનગર, તા. ૮

શહેરના ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા માટે સરગાસણ ખાતે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટનું કામ શરૂ કરી દેવાયું છે. કરોડાના ખર્ચે હાથ ધરાયેલી આ યોજના અન્વયે સ્વર્ણિમ પાર્કને પાણી પુરૂ પાડવાની ગતિવિધિઓમાં હાલ રૂકાવટ આવી છે. સ્વર્ણિમ પાર્ક સુધી પાઈપલાઈનનું કામ હાથ ધરવા ૧૫૦ થી વધુ વૃક્ષોનું નિકંદન વળે તેમ હોવાથી હજુ સુધી વનવિભાગે તંત્રની વૃક્ષછેદનની દરખાસ્તને મંજુરી આપી નથી.

શહેરના દુષિત પાણીને શુદ્ધ કરવા સરગાસણ ખાતે પાણી શુદ્ધિકરણના પ્લાન્ટનું કામ હાથ ધરાયું છે. શહેરનું દુષિત પાણી શુદ્ધ કરી નગરના ઉદ્યાનોને પાણી પુરૂ પાડવા હાથ ધરાયેલ આ યોજના અન્વયે રૂ. ૧૫ કરોડનો ખર્ચ નિયત

● અનુસંધાન પાન-૭ પર

નરેન્દ્ર મોદીની જીત માટે યુવાને અન્ન ત્યાગ કર્યો

ગાંધીનગર, તા. ૮

ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામવા માંડ્યો છે. વિવિધ મોરચા સામસામા મંડાયા છે. ત્યારે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ચાહકો પણ મેદાનમાં આવી ગયા છે. રાજકોટમાં અગરબત્તીની ફેરી કરતા યુવાન દિલીપ ચાવલાએ ગુજરાતમાં ફરી નરેન્દ્ર મોદીની સરકાર આવે તે માટે અન્નનો ત્યાગ કર્યો છે.

દિલીપ આ વિશે વાત કરતા કહે છે કે નરેન્દ્રભાઈ મારા આદર્શ નેતા છે. માત્ર ગુજરાત જ નહિ, દેશ માટે પણ નરેન્દ્રભાઈનું નેતૃત્વ જરૂરી છે. તેઓ ધારાસભામાં સ્પષ્ટ બહુમતી મેળવે અને પુનઃ મુખ્યમંત્રી બને તે માટે મે અન્નનો ત્યાગ કર્યો છે. દિલીપ ચાવલા સિંધી છે. મુળ જેતપુરના છે. રાજકોટમાં પોપટપરામાં રહેતા દિલીપ ચાવલાએ ૧૪મી ઓગષ્ટથી અન્નત્યાગ કર્યો છે. આવી જીદ છોડવા માટે દિલીપભાઈ સંઘાણી દ્વારા નરેન્દ્રભાઈએ સંદેશો મોકલ્યો હતો. પરંતુ મે અન્ન ત્યાગ ચાલુ રાખ્યો છે.

દિલીપ ચાવલા કહે છે કે ગુજરાત માટે ખુબ ભોગ આપનાર મોદીજીના ફરી શાસન માટે હુ અન્ન ન ત્યાગી શકુ ? નરેન્દ્રભાઈ ફરી મુખ્યમંત્રી બનશે ત્યારે સોમનાથના મંદિરે માથુ ટેકવી પારણા કરીશ.

યાત્રાની સાથે સાથે...

- આજે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નીકળેલી વિવેકાનંદ યુવ વિકાસ યાત્રા જિલ્લામાં તેના નિયત સમય કરતાં એક કલાક મોડી પ્રવેશી હતી.
- દહેગામમાં યાત્રા આવે તે પૂર્વે નહેરુ નગર ચાર રસ્તા જવા માટેનો માર્ગ બંધ કરી દેવાતાં લોકો મોટી સંખ્યામાં હેરાન થયા હતા.
- મુખ્યમંત્રીની યાત્રા જે માર્ગ પરથી પસાર થવાની હતી તે માર્ગ પર આવતી દુકાનો પણ બંધ કરાવવામાં આવી હતી.
- ચિલોડા, સે-૨ ૮ સર્કલ અને પેથાપુર ચાર રસ્તા પર એકત્રિત થયેલ મેદનીને હાઈડ્રોલિક ચેરમાં રાજયમંત્રી જયસિંહ ચૌહાણ અને ધારાસભ્ય શંભુજી ઠાકોર સાથે બહાર આવી સંબોધી હતી.
- મુખ્યમંત્રીશ્રીની યાત્રા પૂર્વે શ્રી જીતુ મહેતા અને એડવોકેટ જે.જે. પટેલની ગાડી પૂર્વ તૈયારી માટે જે તે સ્થળે પહોંચી હતી.
- મુખ્યમંત્રીશ્રીની યાત્રા પહોંચે તે પહેલાં શિક્ષણમંત્રી શ્રી રમણભાઈ વોરા, સાંસદ શ્રી હરિન પાઠક અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા સાંસદ શ્રી પુરૂષોત્તમ રૂપાલાનો કાફલો નીકળ્યો હતો. તેણે પણ જનમેદનીને ટુંકા સંબોદનો કર્યા હતા.
- જનમેદનીને જકડી રાખવા માટે પ્રસિધ્ધ ગુજરાતી ગીતોની મેડલી બનાવી તેની કેસેટો વગાડવામાં આવી હતી.
- દહેગામથી માણસાના રૂટ પર એક હજાર જેટલા પોલીસ જવાનોને ફરજ સોંપવામાં આવી હતી.
- ચિલોડામાં ખિસ્સા કપાયાની બે ઘટના બનવા પામી હતી તેમજ ટ્રાફિક પણ જામ થઈ જવા પામ્યો હતો.
- મુખ્યમંત્રીશ્રીના રથની આગળ વિવેકાનંદની પ્રતિમા પદ્માસન વાળી એક ખાસ ગાડીમાં મુકવામાં આવી હતી જે સૌના આકર્ષણનું કેન્દ્ર હતી.

સે-૧ તળાવના વિકાસની આખરી તબક્કાની કામગીરી ખોરંભે

તળાવ ફરતે સ્ટેચ્યુ મુકવા સહિત ફુટકોર્ડ બનાવવાનું આયોજન આખરી થયું નથી

ગાંધીનગર, તા.૮

પાંચ વર્ષથી વધુ સમયના અંતે પણ સે-૧ના તળાવ વિકાસની યોજના હજુ ઠેકાણે પડી નથી. તળાવ નિર્માણ બાદ અન્ડરગ્રાઉન્ડ સંપ અને ટાંકીનું કામ પૂર્ણ કરી દેવાયું છે. પરંતુ લાખોના આંધણ બાદ પણ તળાવની રોનક હજુ નિખરી નથી. બીજી તરફ આ વિસ્તારમાં તળાવ ફરેત સ્ટેમ્ચુ મુકવા સહિત ફૂડકોર્ટ બનાવવાની કાર્યયોજના પણ વિસરાઈ છે.

પાંચ વર્ષના લાંબા સમયગાળા બાદ પણ સે-૧ સ્થિત તળાવને નયનરમ્ય બનાવવાનું કામ પૂર્ણ ન થતા સ્થાનિક રહીશોમાં નારાજગી વ્યાપી છે. વર્ષોના ઈન્તજાર બાદ પણ તળાવ વિકાસની યોજનાનું સંપૂર્ણ કામ પૂર્ણ ન થતા આખરી તબક્કાનું આયોજન વિખેરાઈ ગયું છે. તળાવ નિર્માણ બાદ બાગાયત તંત્ર દ્વારા તળાવ આસપાસના વિસ્તારમાં હરિયાળી નિખારવા બગીચો બનાવાયો છે. જયારે બગીચાની જાળવણી અર્થે ઓવરહેડ ટાંકી તેમજ અન્ડરગ્રાઉન્ડ સંપ બનાવવાનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

સિક્યોરીટી ગાર્ડ જોઈએ છે

ગાંધીનગર શહેરમાં આવેલ સંસ્થાઓને પોતાની છ ઓફિસ માટે દરેક ઓફિસમાં બે શિફ્ટ માટે સિક્યોરીટી ગાર્ડ તથા એખ ઓફિસમાં એક શિફ્ટ માટે ગનમેનની જરૂર છે. સંબંધિત તમામ દસ્તાવેજો જેમ કે રજીસ્ટ્રેશન, લાયસન્સ, પ્રોવિડંડ ફંડ, સર્વિસ ટેક્ષ નંબર, ઈન્કમટેક્ષ નંબર, ઈ.એસ.આઈ. નંબર વગેરે તમામ દસ્તાવેજો તથા સિક્યોરીટી ચાર્જના દર વગેરે વિગતો સાથે જાહેરાતની તારીખથી દિન-૭માં અરજી કરવી. ટેન્ડરની અન્ય શરતો આખરી નિર્ણય લેતી વખતે નક્કી કરવામાં આવશે તેમ છતાં પણ ટેન્ડર મંજુર કરવું યા ન કરવાનો સંસ્થાનો હક્ક અબાધિત રહેશે.

પોસ્ટ બોક્ષ નં. ૯૧૦૧૨
ગાંધીનગર સમાચાર કાર્યાલય
સેક્ટર-૮, ગાંધીનગર

ગાંધીનગર નાગરીક કો.ઓપરેટીવ બેન્ક લિ., ગાંધીનગર

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર.

મકાન સુધારા વધારા અંગે ટેન્ડર નોટીસ

બેન્કની સચિવાલય શાખાના મકાનમાં નીચે જણાવ્યા મુજબની કામગીરી કરવાની હોઈ રસ ધરાવતી પેઢીઓએ રૂબરૂ સ્થળ ચકાસણી કરીને પોતાના માલ-સામાન સાથેના ભાવપત્રકો જાહેરાતની તારીખથી દિન-૧૦માં ઉપરોક્ત સરનામે મોકલી આપવા.

ટેન્ડરની શરતો ભાવપત્રકની ચકાસણી કર્યા બાદ નક્કી કરવામાં આવશે તેમ છતાં પણ ટેન્ડર મંજુર કરવું અથવા ન કરવું તે અંગેનો હક્ક સંપૂર્ણપણે બેન્કનો અબાધિત રહેશે.

(૧) બેન્કના ભોંયરામાં ઉપર ખુલ્લી જગ્યામાં ફાઈબર શેડ બનાવવો.
(૨) લિફ્ટની જગ્યામાં કાચની બારીઓની બદલીમાં આર.સી.સી. કામ કરવું.
(૩) કંમ્પાઉન્ડની દિવાલ એક સાઈડમાં બે ફૂટ સુધી ઉંચી કરવી.

હિ.
મેનેજીંગ ડિરેક્ટર

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૧-૧૦-૧૨, ગુરૂવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

1. Sector - 4D
2. Sector - 7

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

છઠ્ઠી વાર્ષિક પુણ્યતીથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. તા. ૯-૧૦-૨૦૦૭

સ્વ. શ્રી કમલેશભાઇ અમૃતલાલ જાની

સ્થાપકશ્રી : સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર

હતા આપ આ જીવનમાં જ્યારે, ન હતી લેશમાત્ર ચિંતા અમોને ત્યારે. ચંદનની જેમ આપ, જાતને ઘસી કાઢી, અમારા જીવનને ખુશ્બુથી મહેકાવી દીધું. કડક શિસ્તના આગ્રહી હતા અને સફળતાના શિખરમાં તમો પાયારૂપ હતા.

આપને અમારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.

ગં.સ્વ. કૈલાસબેન કમલેશભાઇ જાની

વૈભવ કમલેશભાઇ જાની — રૂદ્ર વૈભવ જાની
દિપ્તી વૈભવ જાની — વેદ વૈભવ જાની

સમર્પણ પરિવાર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com